
# નાનકી ચિબરી !



માઈક થેલર
ચિત્રઃ કનક શશિ

આર્ચ પ્રકાશન

પ્રારંભિક બાળ શિક્ષણ સાહિત્ય શ્રેણી અંતર્ગત (વાચન સ્તર–૩)



# નાનકી ચિબરી !

छुटकी उल्ली !

માઈક થેલર
ચિત્રઃ કનક શશિ

નાનકી ચિબરી

એક ચિત્રવાર્તા
વાર્તા: માઈક થેલર
અંગ્રેજીમાંથી અનુવાદ: તેજી ગ્રોવર
ચિત્ર: કનક શશિ

એકલવ્ય દ્વારા હિન્દી ભાષામાં ''छुटकी उल्ली !'' નામથી પ્રકાશિત વાર્તાનું ગુજરાતી સંસ્કરણ: આર્ચ, નચિકેતા
**Gujarati Translation of the Story book "Chhutki Ulli" published in hindi by Eklavya:**

પ્રથમ આવૃતિ: જાન્યુઆરી ૨૦૨૦, કોપી: ૨૦૦૦

પ્રકાશક: એક્શન રીસર્ચ ઈન કોમ્યુનીટી હેલ્થ (આર્ચ)
નગારીયા, ધરમપુર, જિલ્લો:વલસાડ - ૩૯૬૦૫૦
ફોન: ૯૮૨૫૬૫૧૩૪૧
ઈમેલ: **arch.dharampur@gmail.com / dhruv561947@yahoo.com**

વાંચતા શીખી રહેલા અથવા તો તાજું જ શીખેલા બાળકો માટે, તેમના ભાવ-વિશ્વને આકર્ષિત કરતું બાળ સાહિત્ય મોટા પ્રમાણમાં હોવું જરૂરી છે. એ માટે તો જેમાં ચિત્રોની ભરમાર હોય અને રસપ્રદ ઝીણવટભરી રજૂઆત હોય તેવી વાર્તાઓથી વિશેષ શું?

સારી ચિત્રવાર્તાઓ ઘણીવાર જિંદગીભર માટે બાળકોની દોસ્ત બની જાય છે. પ્રારંભિક વર્ષો દરમ્યાન આવું બાળ-સાહિત્ય મૂળ ગુજરાતી ઉપરાંત હિન્દી-અંગ્રેજીનાં સમૃધ્ધ ખજાનામાંથી બાળકો સમક્ષ મૂકવા અને બાળકોની ભાષા સમૃધ્ધ કરવાના એક પ્રયત્ન રૂપે આ પુસ્તિકા: 'નાનકી ચિબરી'

પ્રવિણ મિલેનિયમ ટ્રસ્ટ - લંડનના સૌજન્ય સહકારથી

સહયોગ રાશિ: રૂા. ૪૦/-


● આ પુસ્તિકાના કોઈપણ ભાગનો બિન-ધંધાકીય શૈક્ષણિક ઉદ્દેશ્યથી કોપી-લેફ્ટ ચિહ્ન અંતર્ગત ઉપયોગ કરી શકાય છે. સ્ત્રોત તરીકે મૂળ પુસ્તિકાનો ઉલ્લેખ જરૂર કરવો અને આર્ચને સૂચિત કરવું.

મૂળ પ્રકાશક:

Eklavya Foundation
Jamnalal Bajaj Parisar, Near Fortune Kasturi, Jatkhedi
**Bhopal**
Madhya Pradesh-462 026 (India)
www.eklavya.in / Email: books@eklavya.in

एकलव्य

મુદ્રક : માર્ક ક્રિએશન, સુરત
મો.: ૯૯૭૪૦૦૯૨૮૬



જ્યારે ઘુવડબાઈની દિકરી નાનકી ચિબરી બે વરસની થઈ
એટલે એણે જાતભાતના સવાલો પૂછવાનું ચાલુ કરી દીધું.
''મમ્મી, આકાશમાં કેટલા તારા હોય ?'' એક રાતે તેણે પોતાની મમ્મીને પૂછ્યું.
''બહુ બધા'' મમ્મીએ જવાબ આપ્યો.
''પણ બહુ બધા એટલે કેટલા ?'' નાનકી ચિબરીએ આકાશ સામે જોતાં ફરી પૂછ્યું.
નાનકીની મમ્મી મીઠું હસીને બોલી, ''તું જાતે જ ગણી લે ને !''
''એક... બે... ત્રણ... ચાર...''



“એકસો એક,
એકસો બે,
એકસો ત્રણ,
એકસો ચાર”....

જ્યારે સૂરજ ઊગવાનો સમય થયો
ત્યારે પણ નાનકીની ગણતરી ચાલુ જ હતી...
“એક હજાર એક,
એક હજાર બે...”



"કેટલા તારા છે આકાશમાં ?" મમ્મીએ પૂછ્યું.
"અરે એટલા બધા કે ગણી પણ ના શકું"
કહીને નાનકી ચિબરીએ બગાસું ખાધું અને પાંપણો ઢાળી દીધી.
પછી માથું પોતાની પાંખમાં સંતાડીને ઊંઘી ગઈ.


બીજી રાતે નાનકી ચિબરીએ ફરી આકાશ સામે જોયું...

‘‘મમ્મી, આકાશ કેટલું ઊંચુ છે ?

‘‘ખૂબઅઅજ ઊંચે’’, મમ્મીએ કહ્યું.

‘‘હા પણ કેટલે સુધી ?’ નાનકી ચિબરી વારંવાર પૂછવા લાગી.

‘‘તું જાતે જ જઈને જોઈ લેને.’’ મમ્મીએ કહી દીધું.







પછી નાનકી તો ઊડી આકાશમાં.
પોતે રહેતી હતી તે ઝાડ છોડીને
ઊડી ખૂબ ઉપર... ઉપર...
વાદળો સુધી પહોંચી ગઈ.
તેણે પોતાની પાંખો જોરજોરથી
હલાવી. હવે તો તે વાદળોથી
પણ  ઊંચે ઊડતી હતી.
જેમ જેમ નાનકી ઊંચે જાય
તેમ તેમ તેને આકાશ પણ તો
ઊંચે જતું લાગે છે.
સવારે જ્યારે નાનકી પોતાના
ઝાડ પર ઊતરી
ત્યારે તે ખૂબ થાકી ગઈ હતી.
મમ્મીએ પૂછ્યું, ''કેમ,
કેટલે ઊંચે સુધી છે આકાશ ?''
''અરે, એટલું ઊંચે કે હું ઊડીને
ત્યાં સુધી પહોંચી પણ ના શકું''
નાનકી ચિબરીએ જવાબ આપ્યો.
પછી તે આંખો બંધ કરીને
સુઈ ગઈ.




બીજી રાતે નાનકીએ
દરિયાનાં મોજાંનો અવાજ સાંભળ્યો.
અને મમ્મીને પૂછ્યું, ‘‘મમ્મી, આ શાનો અવાજ છે ?’’
‘‘દરિયાનાં મોજાંનો.’’ મમ્મીએ કહ્યું,
‘‘દરિયામાં કેટલાં મોજાં હોય ?’’
‘‘ઘણાં બધાં.’’
‘‘પણ કેટલાં ?’’ નાનકી બોલી.
‘‘જા દરિયા કિનારે જઈને ગણી લે.’’ મમ્મીએ કહ્યું.



તો નાનકી ચિબરી ઊડતી ઊડતી
દરિયા કિનારે પહોંચી ગઈ.
અને એક પછી એક એમ મોજાંને ગણવા લાગી.
એક, બે, ત્રણ, ચાર... જેટલા તે ગણતી
તેમ તેમ બીજાં મોજાં કિનારા પર આવી પડતા.
એક હજાર એક, એક હજાર બે....
સૂરજ ઊગ્યો ત્યારે પણ નાનકી દરિયામાં
આવી રહેલા મોજાં ગણતી હતી.
તેણે જોયું કે દરિયો તો હજીયે મોજાંથી ઉભરાઈ રહ્યો છે.



હવે તો તેને બરાબરની ઉંઘ આવી રહી હતી.
તે પાછી મમ્મી પાસે આવી ગઈ.
“તો કેટલા મોજાં હતા દરિયામાં ?’ મમ્મીએ પૂછ્યું.
“એટલાં બધાં કે હું તો ગણી પણ ન શકું.”
અને બોલતાં બોલતાં જ ઊંઘી ગઈ.



પછીની રાતે,

નાનકીએ મમ્મીને પૂછ્યું.

‘‘દરિયો કેટલો ઊંડો હોય ?’’

‘‘બહુઉઉ.. જ ઊંડો.’’

કેટલો ઊંડો ?’’

મમ્મી આકાશ તરફ જોતાં જોતાં બોલી,


‘‘લગભગ એટલો જ ઊંડો જેટલું ઊંચું આકાશ છે.’’

નાનકી આખી રાત આકાશ અને તારાઓ વિષે વિચારતી રહી.

દરિયો અને તેનાં મોજાં વિષે વિચારતી રહી,

મમ્મી પાસેથી એ જે પણ શીખી હતી, તે બધાં વિષે નાનકી વિચારતી રહી.

સૂરજ ઉગતાં જ નાનકી મમ્મીની તરફ ફરીને કહે,
"મમ્મી  હું તને પ્રેમ કરું છું"
"કેટલો" મમ્મીએ પૂછ્યું.
"ખૂઉઉઉબ!!"



નાનકીએ એક ઘડી વિચાર્યું અને મમ્મીને વળગીને બોલી,
"આકાશ જેટલું ઊંચુ છે અને દરિયો જેટલો ઊંડો,
હું તને એટલો પ્રેમ કરું છું."
મમ્મીએ પોતાની પાંખોમાં નાનકીને લપેટી લીધી.
નાનકીએ પૂછ્યું, "તું કેટલી વાર મને વ્હાલી  કરશે ?"
"ખૂબ બધી વાર" મમ્મીએ ફરીથી તેને વ્હાલી  કરી લીધી.
"કેટલી વાર ?"
"જેટલાં દરિયાનાં મોજાં છે, ને જેટલાં આકાશમાં તારા છે....."

**એક્શન રીસર્ચ ઈન કોમ્યુનીટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ (આર્ચ) - નચિકેતા ટ્રસ્ટ**

૩૭ વર્ષથી કામ કરતા આર્ચ અને નચિકેતા ટ્રસ્ટ સ્વૈચ્છિક સંસ્થાઓ છે. લોકોને આવરી લેતી આરોગ્યની અને શિક્ષણની સમસ્યાઓને સમજી, તેમાં તબક્કાવાર સુધારા કરવા માટે નવી નવી રીતો, પધ્ધતિઓ તથા સાધનો આર્ચ વિકસાવી રહ્યું છે. ગુજરાતમાં અને ખાસ કરીને અંતરિયાળ ગામોના બાળકો-શિક્ષકો માટે આવી પધ્ધતિઓનો પ્રસાર તથા વ્યવસ્થિત લાંબા ગાળાના કાર્યક્રમો પણ આ અંતર્ગત કરવામાં આવે છે. સાથે સાથે બાળકો - વિદ્યાર્થીઓ ગણિત કેવી રીતે શીખે છે, ભાષા કેવી રીતે શીખે છે તેના અધ્યયન-અભ્યાસ કરીને તે મુજબના કાર્યક્રમો અને મોડ્યુલ પણ વિકસાવવવામાં આવી રહ્યા છે.

ભાષા શિક્ષણની પ્રવૃત્તિ દરમ્યાન વર્ષોના અનુભવે સમજાયું કે ગુજરાતી ભાષામાં બાળકોને સ્પર્શી જાય તેવું, તેમને અચંબિત - આનંદિત કરે તેવા બાળ-સાહિત્યની ખૂબ જ ઉણપ છે. ખાસ કરીને બાળકના પ્રારંભિક વર્ષોમાં, ૪ થી ૭ વર્ષના બાળકો માટે ભારતમાં બીજી ભાષાઓમાં સુંદર બાળવાર્તાઓ પ્રકાશિત થઈ છે. જેમાં એકલવ્ય-ભોપાલ, સીબીટી, એનબીટી, તુલિકા, પ્રથમ, જ્યોત્સના પ્રકાશન વગેરેનો મોટો ફાળો છે. આર્ચ દ્વારા અત્યાર સુધી એકલવ્ય દ્વારા પ્રકાશિત થયેલી ૭ બાળવાર્તાઓ તથા ૧૮ પુસ્તિકાના સેટનું ગુજરાતીમાં પ્રકાશન થયું છે. જેને બાળકોમાં ખૂબ જ સારો આવકાર મળ્યો છે.


હવે બીજી કેટલીક બાળવાર્તાઓ તથા પોસ્ટરોનો સંપુટ પ્રકાશિત કરવાની યોજના છે. આ વાર્તાઓની સામગ્રી તેની સજાવટ વગેરે પર તમારા સુઝાવો આવકાર્ય છે, જેથી બીજી નવી પુસ્તિકાઓ પ્રકાશિત કરવામાં, તેને વધારે આકર્ષિત, રૂચિકર બનાવવામાં મદદ મળે...

**એકલવ્ય-ભોપાલ**

મધ્યપ્રદેશમાં તથા ભારતના અન્ય રાજ્યોમાં શિક્ષણ અને જીવન વિજ્ઞાન ક્ષેત્રમાં કામ કરતી સ્વૈચ્છીક સંસ્થા છે. બાળકો તેમના પર્યાવરણ, રમત-ગમત, અને સર્જનાત્મક પ્રવૃત્તિઓના આધારે નવું નવું શીખે તેવી પધ્ધતિઓ સતત વિકસાવવાના ઉદ્દેશ સાથે એકલવ્ય કામ કરી રહ્યું છે. શૈક્ષણિક હેતુ માટેના પ્રકાશનના ક્ષેત્રે પણ એકલવ્યનું ખૂબ મોટુ પ્રદાન રહ્યું છે. બાળકો માટેનું સામયિક 'ચકમક', શૈક્ષણિક અનુભવો અને પધ્ધતીઓની ઉંડી ચર્ચાઓ રજુ કરતું સામયિક 'શૈક્ષણિક સંદર્ભ', વિજ્ઞાન અને ટેકનોલોજીની નવી નવી માહિતી રજુ કરતું સામયિક 'સ્રોત' એ એકલવ્યના નિયમિત પ્રકાશનો છે. આ ઉપરાંત ખૂબ જ સુંદર અને ચિત્રોથી ભરપુર બાળવાર્તાઓ, શિક્ષકો માટે વિજ્ઞાન તથા અન્ય વિષયોની સરળ રજુઆત કરતા પુસ્તકો અને શૈક્ષણિક સાહિત્યનું પ્રકાશન એ એકલવ્યનું ખૂબ જ સબળ પાસું છે જે બાળકોને, શિક્ષકોને તેમજ વાલી મિત્રોને શિક્ષણ જગતથી પરિચિત કરાવે છે.

ચિત્ર વાર્તાના પક્ષમાં.....

વાંચતા શીખી રહેલા અને હાલમાં જ વાંચતા શીખ્યા હોય તેવા બાળકોને પોતાના આ નવા હુન્નરને વારંવાર અજમાવવા માટે ખૂબ બધી વાર્તાઓની જરૂર હોય છે. ૩ થી ૭ વર્ષની ઉંમરના બાળકો માટે સૌથી સારી વાર્તાઓ એ હોય છે જેમાં કેટલાંક સીમિત સંદર્ભોની આસપાસ વાર્તા વણાયેલી હોય અને આ જ બાળકો માટે તૈયાર ચિત્રવાર્તાઓ એવી હોય જેમાં નવી નવી પરિસ્થિતિઓ અને સવાલોને ઝંઝોડતા કેટલાક ગણ્યા ગાંઠયા જ પાત્રો હોય. કેટલીક વાતો વાર્તામાં ફરી ફરી આવ્યા કરે. જ્યારે કેટલીક વાતો કંઈક નવીનતા સાથે ખુલતી જાય. લેખીત ભાષા ઓછામાં ઓછી હોય અને બાળકોને પરિચિત હોય. ચિત્રોની ભરમાર તો હોય જ, એની બારીકાઈઓ પર પણ ધ્યાન અપાયું હોય. જેથી એ ચિત્રો, વાર્તાને સમૃધ્ધ બનાવે અને વાંચનારની આંખ અને મનને થોભવા માટે પુરી તક આપે. આથી વાંચનના આ હુન્નરથી બાળકોની કલ્પનાશક્તિ ખીલે-અભિવ્યક્તિ વિકસે તે માટે તેમની સૌથી સારી મિત્ર છે...... ચિત્ર વાર્તાઓ.



ARCH

Nachiketa Trust

સહયોગ રાશિ : રૂા.૪૦/-